


# આહ્વાન

A MONTHLY BULLETIN OF SHAHPUR METHODIST CHURCH

Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.



Email :rev.arvindkhristi@gmail.com
Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Arvind R. Khristi
Ph. : 079-25503545 (M) 9913070647



વર્ષ - ૪૬ | સપ્ટેમ્બર - ૨૦૧૯ | પત્ર - ૮૦


## પ્રભુની સંભાળ રાખવાની ખાત્રી

પવિત્ર શાસ્ત્ર બાઈબલમાં પ્રભુની સંભાળ રાખવાની બાબત અદ્‌ભુત છે. હાલના સમયથી અંત સમય સુધી તેઓ સંભાળી રાખનાર છે. ૨ તિમોથી ૪:૧૮માં જણાવે છે તે પ્રમાણે સ્વર્ગીય રાજ્યને સારુ સલામત રાખનાર છે.

પૃથ્વી ઉપરના આપણા વિશ્વાસુ જીવનમાં તે આપણને અનેક બાબતોમાં બચાવે છે. પ્રભુની ઓળખમાં આવી તેમનો સ્વીકાર કરવાથી તેમના માર્ગમાંથી ચલિત થતાં તે આપણને સંભાળે છે. ફિલિપ્પી ૧:૬ પ્રમાણે અંત સુધી પ્રભુ સંપૂર્ણ કરશે.

વિશ્વાસુ જીવનમાં અનેક પ્રકારના જોખમ, સંકટો, પ્રશ્નો, ચિંતા, પરિક્ષણો, માંદગીઓ તથા મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. પરંતુ આ સર્વમાં યોહાન ૧૬:૩૩માં પ્રભુનું વચન જણાવે છે કે જગતમાં તમને સંકટ છે, પણ હિંમત રાખો જગતને મે જીત્યું છે. પ્રભુના આ અદ્‌ભુત વચન દ્વારા આપણને હિંમત અને સામર્થ્ય પ્રાપ્ત થાય છે. અને દરેક પરિસ્થિતિમાં ટકી શકીએ છીએ. યશાયા ૪૧:૧૦ જણાવે છે કે તુ બીશમાં, કેમ કે હું તારી સાથે છું.

કેવી રીતે પ્રભુની સંભાળનો આશીર્વાદ પ્રાપ્ત કરી શકીએ ?

પ્રભુની સંગત, છાયા - આશ્રયમાં રહેવાથી આપણે તેમની સંભાળમાં રહી શકીએ છીએ.ગી.શા. ૯૧:૧માં લખવામાં આવ્યું છે કે પરાત્પરના ગુપ્તસ્થાનમાં જે વસે છે તે સર્વ સમર્થની છાયામાં રહેશે. પ્રભુની સંગત - સ્તુતિ આરાધનામાં રહેવું ખૂબ જ જરૂરી છે. દર રવિવારની ભજનસેવા તથા અઠવાડિક થતી સંગતોમાં રહેવાથી આપણે તેમની સંભાળમાં રહી શકીએ છીએ. એટલા માટે ગીતકર્તા કહે છે કે હું સદાકાળ તારા મંડપમાં રહીશ, તારી પાંખોને આશ્રયે હું રહીશ. ગી.શા. ૬૧:૪.

પ્રભુ પ્રત્યે આપણો સંપૂર્ણ વિશ્વાસ હોવો જોઈએ. એફેસી ૬:૧૬માં લખવામાં આવ્યું છે કે સર્વ ઉપરાંત વિશ્વાસની ઢાલ ધારણ કરો. જેથી તમે દુષ્ટના બળતા ભાલાઓ હોલવી શકશો. દાનિયેલનો સિંહોના બિલમાંથી બચાવ થયો ત્યારે તેના વિશે લખવામાં આવ્યું છે કે તેણે પોતાના દેવ પર શ્રધ્ધા રાખી હતી. દાનિયેલ ૬:૨૩

પ્રાર્થના દ્વારા આપણે સર્વ સંકટોની સાંકળોને તોડી શકીએ છીએ. પ્રભુનુ વચન જણાવે છે કે જાગતા રહો અને પ્રાર્થના કરો. પ્રાર્થના દ્વારા પ્રભુનું સામર્થ્ય પ્રાપ્ત કરી શકીએ છીએ.

આમ પ્રભુએ આપણી સંભાળ રાખવાની ખાત્રી આપી છે ત્યારે તેમની છાયા, સંગત તથા વિશ્વાસ અને પ્રાર્થના દ્વારા તેમની સંભાળમાં રહીએ.

## પાછલા કાર્યો તરફ દૃષ્ટિપાત

- તા. ૦૪-૦૮-૨૦૧૯ રવિવારની ભજનસેવા ચલાવી તથા પાસ્ટોરેટ કમિટી મળી.
- ભજનસેવા બાદ બાઈબલ ક્વીઝ પરિક્ષા લેવામાં આવી.
- સન્ડે સ્કુલ બાળકો ગીત - ગરબાની પ્રેકટીસમાં મળ્યા.
- તા. ૧૧-૦૮-૨૦૧૯ રવિવારની ભજનસેવા ચલાવી.
- તા. ૧૪-૦૮-૨૦૧૯ મેથોડિસ્ટ ચર્ચ મણિનગરમાં ટ્રેઝરર તથા સ્થાનિક પાળકે એકાઉન્ટ સંબંધી સમજ માટે સેમિનારમાં હાજરી આપી.
- તા. ૧૫-૦૮-૨૦૧૯ બેથાની જ્યુબિલી મેથોડિસ્ટ ચર્ચ અસારવામાં પાસ્ટોરેટ કમિટી સેમિનારમાં આગેવાનો સાથે હાજરી આપી.
- તા. ૧૮-૦૮-૨૦૧૯ રવિવારની ભજનસેવામાં તા. ૧૩-૮-૨૦૧૯ ના રોજ સ્થાનિક ચર્ચ બિલ્ડીંગના ૪૭ વર્ષ પૂર્ણ થતાં ઉજવણી કરવામાં આવી. સ્થાનિક પાળકે વચનની સેવા આપી. ચર્ચમાં કેક કાપવામાં આવી. ભજનસેવાબાદ સર્વ કેક - ચ્હાના નાસ્તામાં જોડાયા.
  ચર્ચમાં સ્થાનિક સન્ડે સ્કુલ સુપ્રિ. અરૂણાબેન ગામડીયા તથા સન્ડે સ્કુલ શિક્ષકોએ બાળકોને તૈયાર કર્યા હતા તે પ્રમાણે ગીત ગાવામાં આવ્યું. સન્ડે સ્કુલ શિક્ષકો તથા બાળકો શનિવારે સાંજે પ્રેકટીસમાં મળ્યા હતા. સાંજના ભોજનની વ્યવસ્થા શ્રી/શ્રીમતી રાજુભાઈ પેટ્રીક અને લીનાબેન પેટ્રીક દ્વારા કરવામાં આવી હતી. પુષ્કળ આભાર.
  ભજનસેવા બાદ કેક-ચ્હાને ન્યાય આપી ચર્ચમાં સર્વ એકત્ર મળ્યા હતા. કાર્મેલ મેથોડિસ્ટ ચર્ચના સભ્ય શ્રી ઈમાનુએલ ક્રિશ્ચિયને યુવાનો અને માતા-પિતાને સંબોધીને સુંદર વચન આપ્યું હતું. આભાર. સન્ડે સ્કુલના બાળકોએ સુંદર ગીત અને ગરબો રજુ કર્યો હતો. કુ.એનેટ એ. ક્રિશ્ચિયને ચર્ચ ઈતિહાસનું વાંચન કર્યું હતું અને કુ. શાલીન ગામડીયાએ અત્યાર સુધી કાર્ય કરી ગયેલ પાળકોની ખાસ બાબતો જણાવી હતી. સર્વનો આભાર. ચર્ચ છુટ્યા બાદ સર્વ પ્રેમ ભોજનમાં જોડાયા હતા. આ પ્રેમભોજન શ્રી/શ્રીમતી રશ્મિકાંત મહિડા અને પ્રતિભાબેન મહિડા તરફથી સ્પોન્સર કરવામાં આવ્યું હતું. પુષ્કળ આભાર.
- કેક અને બપોરના ભોજનની વ્યવસ્થામાં શ્રી કેનીથભાઈ ટેલર મદદરૂપ બન્યા હતા.
- ઉપરોક્ત ઉજવણી ખુબજ આશીર્વાદિત અને આનંદિત રહી હતી. સર્વનો આભાર.
- તા. ૨૪-૦૮-૨૦૧૯ના રોજ મેથોડિસ્ટ ચર્ચ, રાયખડમાં વ્યવસાયિક માર્ગદર્શન અને વિદ્યાર્થીઓને ઉત્તેજન આપતા સેમિનારમાં ચર્ચ -

વિદ્યાર્થી ભાઈ બહેનો સાથે હાજરી આપી. વીંગ કમાન્ડર શ્રી જુલ્યસભાઈ ક્રિશ્ચિયન (નિવૃત્ત) અને શ્રી આનંદ ભટનાગરે શિક્ષણની સેવા આપી હતી.

- આજ દિવસે મિલ્કત સમિતિ પ્રમુખ શ્રી ફ્રાન્સિસભાઈ ગોહિલ તથા સાથે શ્રી એન્થનીભાઈ ઈમાનુએલ, શ્રી સામીભાઈ ગામડીયા અને શ્રી ઈમાનુએલ એસ. ખ્રિસ્તી સાથે મળી ચર્ચના સ્ટોર રૂમની સફાઈ કરી હતી. આભાર.
- તા. ૨૫-૦૮-૨૦૧૯ ભજનસેવા ચલાવવામાં આવી હતી.
ભજનસેવા બાદ સાંજના ૪-૦૦ કલાકે મેથોડિસ્ટ ચર્ચ, રાયખડમાં અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટના સર્વ મહિલા મંડળ ગ્રુપ સોંગ કોમ્પિટીશનમાં મળ્યા હતા. જેમાં મેથોડિસ્ટ ચર્ચ શાહપુર મહિલા મંડળે પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો. ખુબ ખુબ અભિનંદન સર્વનો પુષ્કળ આભાર.
- લાઈબ્રેરી કબાટ બનાવવાની મજૂરી તથા કાચ ખરીદીનું થતું ખર્ચ શ્રી રાજેશભાઈ આર. ક્રિશ્ચિયન તરફથી મળેલ છે. ખૂબ આભાર

## BIRTHDATES IN SEPTEMBER - 2019

૦૧/૯ રશ્મીબાળા કલેરેન્સભાઈ
૦૨/૯ મેરીબેન જોનભાઈ મેકવાન
૦૨/૯ રાજ સ્નેહવદનભાઈ શાહ
૦૨/૯ નિરવ જોસફભાઈ ક્રિશ્ચિયન
૦૨/૯ શ્રધ્ધા થોમસભાઈ ક્રિશ્ચિયન
૦૩/૯ સીરીનાબેન આલ્ફ્રેડભાઈ ગામડિયા
૦૩/૯ આર્થર આલ્ફ્રેડભાઈ પેટ્રીક
૦૪/૯ જેનીફર દિપક બોરકર
૦૪/૯ સુરાગ કિશોરકુમાર વાઘેલા
૦૫/૯ સુનિલ સુરેશચંદ્ર ભાટિયા
૦૬/૯ મધુકાન્તાબેન રમેશચંદ્ર કાપડિયા
૦૬/૯ ઈલાક્ષીબેન દેવદાસભાઈ ક્રિશ્ચિયન
૦૬/૯ જીનલ ચિરાગભાઈ વરસડા
૦૬/૯ મૃગલોચના એસ. ક્રિશ્ચિયન
૦૭/૯ રીયાન જેમ્સભાઈ ક્રિશ્ચિયન
૦૭/૯ શેરોન અનિલભાઈ ક્રિશ્ચિયન
૦૯/૯ રોનાલ્ડ રાજેશભાઈ રાઠોડ
૧૦/૯ એવીસ એન્થનીભાઈ ઈમાનુએલ
૧૦/૯ રોજર રાજેશભાઈ રાઠોડ
૧૦/૯ રંજન એ. સોલોમન
૧૧/૯ ઓનિલભાઈ આલ્ફ્રેડભાઈ ગામડિયા
૧૧/૯ એમ્બ્રોજ આર્થરભાઈ પેટ્રીક
૧૧/૯ ડોરોથીબેન જયંતકુમાર દાસ
૧૧/૯ હસુમતી વિનોદભાઈ રાઠોડ
૧૧/૯ સેલીના રીચાર્ડ હિવાળે
૧૫/૯ નેવિલ નલિનભાઈક્રિશ્ચિયન
૧૫/૯ જોયસી ડેઝમન્ડ મેકવાન (USA)
૧૬/૯ શેફાલી જીમીભાઈ ડેવિડ
૧૭/૯ આયરીન આલ્ફ્રેડભાઈ ગામડિયા
૧૭/૯ ઓલ્ડ્રીચ ઓનિલભાઈ ગામડિયા
૧૮/૯ મીનાક્ષી વિશ્વાસભાઈ ક્રિશ્ચિયન
૧૯/૯ સુનિલભાઈ કાન્તીલાલ મેકવાન
૧૯/૯ જીમી સેમ્યુલભાઈ ડેવિડ
૧૯/૯ પર્સી વી. ક્રિશ્ચિયન
૨૦/૯ પ્રિસ્કા રાજેશભાઈ ક્રિશ્ચિયન (USA)
૨૧/૯ ડેઝમન્ડ ગીલ્બર્ટભાઈ મેકવાન (USA)
૨૨/૯ નિલેશ્વરીબેન નલિનભાઈ ક્રિશ્ચિયન
૨૩/૯ સુનિલ આલ્ફ્રેડભાઈ ક્રિશ્ચિયન
૨૪/૯ શશીબાળા શાંતિલાલભાઈ પરમાર
૨૬/૯ રેનોલ્ડ નિલેષભાઈ ક્રિશ્ચિયન (USA)
૨૯/૯ હેરોલ્ડ ક્રિસ્ટોફરભાઈ ક્રિસ્ટી
૩૦/૯ જીતેન્દ્ર ફિલિપભાઈ મહિડા (USA)
૩૦/૯ બ્રિયાના જીતેન્દ્રભાઈ મહિડા (USA)
૩૦/૯ રોશેલ કોલિન ડેવિડ
૩૦/૯ રેચલ કોલિન ડેવિડ

## પાળક દ્વારા મળેલ બર્થડે અને આભાર સ્તુતિના દાન

| | | |
|---|---|---|
| શ્રી/શ્રીમતી એન્થનીભાઈ ક્રિશ્ચિયન અને ફ્રેનીબેન ક્રિશ્ચિયન તરફથી લગ્ન જીવનના ૨૫ વર્ષ પુર્ણ થયા | આ.સ્તુતિ | ૧૦૦૦ |
| શ્રીમતી શર્મિલાબેન એસ. અર્લિક | આ.સ્તુતિ | ૨૦૦ |
| શ્રીમતી માગ્રેટબેન એસ.ઈમાનુએલ | બર્થ ડે | ૨૦૦.૦૦ |
| ચિ.સેન.પી. ક્રિશ્ચિયન | બર્થ ડે | ૫૦૦.૦૦ |
| શ્રીમતી સોનિયા રીપન આઈઝેન | એજ્યુકેશન | ૧૫૦૦.૦૦ |
| શ્રીમતી સોનિયા રીપન આઈઝેન | પુઅર ફંડ | ૧૫૦૦.૦૦ |
| ચિ.તેજસ્વી આર. ફ્રાન્સીસ | આ.સ્તુતિ | ૨૦૦.૦૦ |
| ચિ.રીયોના પી. ક્રિશ્ચિયન | બર્થ ડે | ૨૦૦.૦૦ |
| શ્રી નિલેષભાઈ એસ.ક્રિશ્ચિયન અમેરિકા મુલાકાત કરી પરત આવતા | આ.સ્તુતિ | ૧૦૦૦.૦૦ |
| શ્રી આશિષભાઈ આર. પરમાર | આ.સ્તુતિ | ૨૦૦.૦૦ |
| શ્રી ફેનીલ એ. મહિડા | બર્થ ડે | ૩૦૦.૦૦ |
| શ્રી રાજેશભાઈ આર. ક્રિશ્ચિયન | ચર્ચ બર્થ ડે | ૧૦૦૦.૦૦ |
| શ્રીમતી સુરેખાબેન એ.ક્રિશ્ચિયન | બર્થ ડે | ૫૦૦.૦૦ |
| શ્રી કેનીથ એફ. ટેલર | આ.સ્તુતિ | ૫૦૦.૦૦ |
| કુ. રોમી એ. ક્રિશ્ચિયન | બર્થ ડે | ૨૫૦.૦૦ |
| શ્રી જૉય એ. ક્રિશ્ચિયન | આ.સ્તુતિ | ૨૫૦.૦૦ |
| શ્રીમતી રોઝમેરી એ. ખ્રિસ્તી | આ.સ્તુતિ | ૨૫૦.૦૦ |
| ચિ. એનેશા ડી. હેરી | બર્થ ડે | ૨૦૦.૦૦ |
| શ્રીમતી જેનેટ પી. ક્રિશ્ચિયન | બર્થ ડે | ૫૦૦.૦૦ |
| ક્રિશ્ચિયન ઈમરોઝ ટી. | કેમેરા માટે | ૧૦૦૦.૦૦ |
| શ્રીમતી લલીતાબેન એસ.ખ્રિસ્તી | બર્થ ડે | ૫૦.૦૦ |
| કુ. જીલ એમ. રાઠોડ | બર્થ ડે | ૨૦૦.૦૦ |
| શ્રીમતી સુશીલાબેન એસ.ક્રિસ્ટી | આ.સ્તુતિ | ૨૦૦.૦૦ |
| શ્રી આલાપભાઈ જે. માસ્ટર | આ.સ્તુતિ | ૧૦૦૦.૦૦ |
| શ્રીમતી શીરીનાબેન એ. ગામડીયા | બર્થ ડે | ૫૦૦.૦૦ |
| શ્રી પાર્થ એસ. કડિયા | આ.સ્તુતિ | ૧૦૦.૦૦ |
| શ્રી સુનિલભાઈ કે. મેકવાન | CCTV કેમેરા માટે | ૧૦,૦૦૦.૦૦ |
| શ્રી સુનિલભાઈ કે. મેકવાન | બર્થ ડે | ૫૦૦.૦૦ |

## જાહેરાતો

- તા. ૦૬-૧૦-૨૦૧૯ રવિવારની ભજનસેવાબાદ હિબ્રુઓને પત્ર અને યાકુબનો પત્ર આધારિત બાઈબલ ક્વિઝ થશે. સર્વ ભાગ લેશો.
- સપ્ટેમ્બર મહિનો ખ્રિસ્તી કેળવણી ઉછેર સમિતિ તરીકે ઉજવવામાં આવે છે તેથી ખાસ બાળકો અને યુવાનો માટે પ્રાર્થના કરશો.
- સી.સી.ટી.વી. કેમેરા માટે ઉદારતાથી દાન આપશો.
- ચર્ચમાં લાયબ્રેરી શરૂ કરવામાં આવી છે. તેનો ઉપયોગ કરશો.

## નાણાંકીય અહેવાલ જુલાઈ - ૨૦૧૯

| | | |
|---|---|---|
| તા.૦૧-૦૭-૧૯ની ઉઘડતી સિલક | રોકડ | ૩૨,૮૩૧.૮૮ |
| | બેંક | ૩,૦૬,૦૪૪.૬૬ |
| તા.૩૧-૦૭-૧૯ સુધીની આવક | | ૧,૬૧,૨૧૧.૦૦ |
| | કુલ | ૫,૦૦,૦૮૭.૫૪ |
| તા. ૩૧-૦૭-૧૯ ની બંધ સિલક | | |
| | રોકડ | ૪૦,૨૮૭.૮૮ |
| | બેંકમાં | ૩,૧૩,૯૬૪.૬૬ |
| તા.૩૧-૦૭-૧૯ સુધીનો ખર્ચ | | ૧,૪૫,૮૩૫.૦૦ |
| | કુલ | ૫,૦૦,૦૮૭.૫૪ |

શ્રી નલિનભાઈ આર. ક્રિશ્ચિયન, ટ્રેઝરર